પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૭) અંક નં. ૭૧ | ૨૨ મે, ૨૦૨૨, રવિવાર; વૈશાખ વદ - ૭ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

# પેટ્રોલમાં ૯, ડીઝલમાં રૂ. ૬ ઘટ્યા

## કેન્દ્ર સરકાર દ્વારા મોટી જાહેરાત કરવામાં આવી : કેન્દ્રીય નાણાં પ્રધાન નિર્મલા સીતારામણે આ અંગે ટ્વીટ કરી જાહેરાત કરી

નવી દિલ્હી, તા.૨૧

દેશભરમાં છેલ્લા કેટલાક




સમયથી સતત પેટ્રોલ ડીઝલના ભાવમાં સતત વધારો થતો જોવા મળ્યો છે. ત્યારે કેન્દ્ર સરકાર તરફથી આમ જનતા માટે રાહતના સમાચાર મળી રહ્યા છે.

કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણે જાહેરત કરતાં જણાવ્યું હતું કે અમે કેદ્રીંય એકસાઈઝ ડ્યૂમાં ૮ રૂપિયા પ્રતિ લીટર અને ડીઝલ પર ૬ રૂપિયા પ્રતિ લીટરનો ઘટાડો કરી રહ્યા છીએ. તેનાથી પેટ્રોલના ભાવમાં ૯.૫ રૂપિયા પ્રતિ લીટર અને ડીઝલના ભાવમાં ૭ રૂપિયાનો ઘટાડો થશે. ગયા મહિને એટલે કે એપ્રિલમાં દેશમાં છૂટક ફુગાવો ૭.૭૯ ટકાના ૮ વર્ષના ઉચ્ચ સ્તરે પહોંચી ગયો છે. છૂટક ફુગાવાના આંકડામાં આ વધારો ખાદ્ય ચીજવસ્તુઓ સિવાય બળતણની કિંમતોમાં વધારો થવાને કારણે થયો છે. આ સાથે જ નાણામંત્રીએ એ પણ કહ્યું હતું કે પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજનાના નવ કરોડથી વધુ લાભાર્થીઓને ૨૦૦ રૂપિયા પ્રતિ સિલિન્ડર (૧૨ સિલિન્ડર સુધી) સબસિડી આપવામાં આવશે. તેમણે કહ્યું કે તેનાથી આપણી માતાઓને મદદ મળશે. નિર્મલા સીતારમણે કહ્યું કે અમે તે પ્લાસ્ટિક ઉત્પાદનો માટ કાચા માલ અને વચોટિયા પર પણ કસ્ટમ ડ્યૂટી ઘટાડી રહ્યા છીએ જયાં આપણી આયાત પર નિર્ભરતા વધુ છે.

### સિલિન્ડરમાં ૨૦૦ રૂપિયાનો ઘટાડો

સ્ટીલના કેટલાક કાચા માલ પર પણ આયાત શુલ્કને ઘટાડવામાં આવશે. કેટલાક સ્ટીલ ઉત્પાદકો પર નિર્યાત શુલ્ક લગાવવમાં આવશે. નાણામંત્રીએ કહ્યું કે સીમેન્ટની ઉપલબ્ધતાને સારી કરવા માટે માપદંડ અમલમાં લાવવામાં આવશે અને સીમેન્ટની કિંમત ઓછી કરવા માટે સારા લોજિસ્ટિકનો સહારો લેવામાં આવશે.

# આસામમાં પૂરથી લાખો નાગરિકો પ્રભાવિત : ખેતી જમીનને નુકસાન

## અસામમાં ભારે વરસાદના કારણે પૂરની સ્થિતિ સર્જાઇ : ખેડૂતને સૌથી વધુ નુકશાન થયું છે આ પુરના કારણે ૮૦,૦૩૬.૯૦ હેક્ટર ખેતીની જમીનને નુકશાન, આસમમાં ૨૨૫૧ ગામડા અત્યારે પણ જળમગ્ન

નવી દિલ્હી, તા.૨૧

આસામમાં ભારે વરસાદના કારણે પૂરની સ્થિતિ સર્જાઇ છે,જેના કારણે અત્યાર સુધીમાં લાખો લોકો તેનાથી પ્રભાવિત થયા છે. હાલ ત્યાંની સ્થિતિ એવી થઈ ગઈ છે, કે લોકો રેલગાડીના પાટા પર પોતાનુ જીવન વિતાવવા મજબૂર બન્યા છે. અસમના ૨૯ જીલ્લાઓમાં ૭.૧૨ લાખ લોકો આ પુરનો પ્રકોપ ઝેલી રહ્યાં છે. જેના કારણે લોકોનુ જીવન પણ અસ્તવ્યસ્થ થઈ ગયુ છે.



એક રિપોર્ટ પ્રમાણે અસમ રાજયમાં આવેલ આ કુદરતી આફતના કારણે અત્યાર સુધી કુલ ૧૪ લોકો જીવ ગુમાવી ચૂક્યાં છે. આસામના નગાંવમાં ૩.૩૬ લાખથી વધુ, કછારમાં ૧.૬૬ લાખ, હોજઈમાં ૧.૧૧ લાખ અને દરાંગમાં ૫૨,૭૦૯ લોકો પ્રભાવિત થયા છે. ૨૦ મે ના રોજ કછાર,લખીમપુર અને નગાંવ જીલ્લામાં પુરના કારણે ડૂબવાથી ૨ બાળકો સહિત ૪ લોકોના મોત થઈ ગયા છે. અસમમમાં પુરના કારણે ભૂસ્ખલન થવાથી ૯ લોકો પોતાનો જીવ ગુમાવી ચૂક્યાં છે.

ખેડુતને સૌથી વધુ નુકશાન થયું છે આ પુરના કારણે ૮૦,૦૩૬.૯૦ હેક્ટર ખેતીની જમીનને નુકશાન થયુ છે, તો અસમમાં ૨૨૫૧ ગામડાઓ અત્યારે પણ જળમગ્ન છે.

આસામમાં આવેલા આ કુદરતી પ્રકોપે અસમના જમુનામુખ જીલ્લાંના ૨ ગામ પૂરી રીતે પાણીમાં સમાઈ ગયા છે. અહીં ફક્ત રેલના પાટા જ પુરના પ્રકોપથી બચેલા છે. અહીં ચંગજુરાઇ નામનુ ગામ અને પટિયા પાથર ગામના લોકો ૬ દિવસ પહેલા પુરના પાણીમાં સમાઈ ગયા છે, જેથી ગામના લોકોએ પોતાને બચાવવ માટે રેલવેના પાટાનો ઉપયોગ કરી રહ્યાં છે.

# બિહારમાં વરસાદ-વાવાઝોડા બાદ વીજળી ત્રાટકી

## અનેક જિલ્લાઓમાં વીજળી પડવાથી મૃત્યુઆંક વધીને ૩૩ થયો : નુકસાનનું સર્વે કરીને અસરગ્રસ્ત પરિવારોને વહેલી તકે સહાય પૂરી પાડવા સૂચનાઓ આપવામાં આવી : મૃતકોના પરિવારજનોને ૪-૪ લાખ રૂપિયાની તાત્કાલિક સહાય આપવાની જાહેરાત

નવી દિલ્હી,તા.૨૧

હાલ ચારેબાજુ કાળઝાળ ગરમીની મોસમ ચાલી રહી છે. પરંતુ દિલ્હી સહિત યૂપીના વિસ્તારોમાં ભારે તબાહી મચાવેલી છે. બિહારમાં આકરી ગરમી બાદ આવેલા વાવાઝોડાએ લોકોને રાહત કરતાં વધુ ડરાવી મૂક્યા છે. થોડા કલાકોના વરસાદ અને વાવાઝોડાને કારણે ૧૬ જિલ્લામાં ૩૩ લોકોના મોત થયા છે. વીજળી પડવાથી તમામે જીવ ગુમાવ્યા હોવાની માહિતી મળી રહી છે. મુખ્યમંત્રી નીતિશ કુમારે મૃતકોના પરિવારજનોને ૪-૪ લાખ રૂપિયાની તાત્કાલિક સહાય આપવાની જાહેરાત કરવામાં આવી છે. બિહારમાં તોફાનના કારણે ૩૩ લોકોના મોત થયા છે. જેમાં ભાગલપુરમાં ૭ લોકોના મોત, મુઝફ્ફરપુરમાં ૬ લોકોના મોત, સારણ અને લખીસરાઈમાં ૩ લોકોના મોત, મુંગેર અને

● અનુસંધાન પાન-૭ પર



# શ્રીનગરમાં સુરંગ ધસી પડવાની દુર્ઘટનામાં ચારનાં મોત નિપજ્યા

## જમ્મુ-શ્રીનગર રાષ્ટ્રીય રાજમાર્ગ પર નિર્માણાધીન ચાર લેનની સુરંગ પર પહાડ પડવાની દુર્ઘટના બની હતી

જમ્મુ કાશ્મીર, તા.૨૧

જમ્મુ-શ્રીનગર નેશનલ હાઈવે ઉપર બની રહેલી સુરંગ ધસી પડવાની દુર્ઘટનામાં તેનો કાટમાળ



હટાવવાનું અભિયાન આજ સવારથી ફરી ચાલુ કરવામાં આવ્યું છે. આ દુર્ઘટનામાં અત્યાર સુધીમાં ૪ મજૂરોના મોત થયા છે અને હજું પણ ૬-૭ લોકો ફસાયેલા હોવાની આશંકા છે.

જમ્મુ કાશ્મીરના રામબન જિલ્લામાં જમ્મુ-શ્રીનગર રાષ્ટ્રીય રાજમાર્ગ પર નિર્માણાધીન ચાર લેનની સુરંગ પર પહાડ પડવાની દુર્ઘટના બની હતી. તેમાં ગુરૂવારે રાત્રે આશરે ૧૦:૧૫ કલાકે ટી-૩ની ઓડિટ ટનલના એક મજૂરનું મોત થયું હતું. તે સમયે રેસ્ક્યુ દરમિયાન ૩ લોકોને બચાવી લેવામાં આવ્યા હતા.

શુક્રવારે પહાડનો મોટો ભાગ દુર્ઘટનામાં તુટી પડતા બચાવ અભિયાનમાં મુશ્કેલી ઉભી થઈ હતી જેથી રેસ્ક્યુ ઓપરેશન રોકવામાં આવ્યું હતું.

● અનુસંધાન પાન-૭ પર

# સીબીઆઈ દ્વારા અનેક બ્રોકર્સને ત્યાં દરોડા

## એનએસઈની કો લોકેશન સુવિધાનો કથિત દુરૂપયોગ મામલે દિલ્હી, મુંબઈ, કોલકાતા, ગાંધીનગર, નોએડા અને ગુરૂગ્રામ ખાતે ૧૦થી વધારે સ્થળોએ સર્ચ ઓપરેશન

નવી દિલ્હી, તા.૨૧

સીબીઆઈ દ્વારા દિલ્હી, મુંબઈ અને કોલકાતા ખાતે અનેક બ્રોકર્સના ત્યાં દરોડા પાડવામાં આવ્યા છે. આ બોર્કર્સ દ્વારા એનએસઈની કો લોકેશન સુવિધાનો કથિત દુરૂપયોગ કરવામાં આવતો હોવાની માહિતીના પગલે આ પ્રકારે દરોડા પાડવામાં આવ્યા છે. કેન્દ્રીય તપાસ એજન્સીએ એનએસઈ કો-લોકેશન કૌભાંડ મામલે આજે એક મોટી કાર્યવાહી હાથ ધરી છે. એક અહેવાલ પ્રમાણે એજન્સીના અધિકારીઓએ દિલ્હી, મુંબઈ, કોલકાતા, ગાંધીનગર, નોએડા અને ગુરૂગ્રામ ખાતે ૧૦થી વધારે સ્થળોએ સર્ચ ઓપરેશન હાથ ધર્યું છે. આ તમામ સ્થળો આ કેસ સાથે સંબંધીત બ્રોકર્સ સાથે સંકળાયેલા છે.

એનએસઈના પૂર્વ વડા અને હાલ જેલમાં છે તે ચિત્રા




ફાઈલ ફોટો

રામકૃષ્ણ સાથે આ કેસ જોડાયેલો હોય એવી શક્યતા છે. ચિત્રા સામે કો લોકેશન કેસમાં બ્રોકરને મદદગારી કરવાનો આરોપ છે.

ઉલ્લેખનીય છે કે, ગયા મહિને ઈડીએ નવી દિલ્હી અને ગુરૂગ્રામમાં નવ જેટલા સ્થળોએ કો લોકેશન કેસ મામલે દરોડા પાડ્યા હતા. નેશનલ સ્ટોક એકસચેન્જ કો-લોકેશન કેસમાં વર્ષ ૨૦૧૮માં એફઆઈઆર દાખલ થઈ હતી. હકીકતે શેરના ખરીદ-વેચાણ માટેના કેન્દ્ર એવા દેશના પ્રમુખ નેશનલ સ્ટોક એક્સચેન્જના કેટલાક બ્રોકર્સને એવી સુવિધા આપવામાં આવી

● અનુસંધાન પાન-૭ પર

# દિલ્હી-એનસીઆરમાં વરસાદ : અનેક ફ્લાઈટ ડાયવર્ટ

નવી દિલ્હી, તા.૨૧

દિલ્હી એનસીઆરમાં કાળઝાળ ગરમી વચ્ચે શુક્રવારે અનેક વિસ્તારમાં વરસાદથી રાહત મળી હતી જ્યારે ખરાબ હવામાનને કારણે અનેક ફ્લાઈટ્સ ડાયવર્ટ કરવી પડી હતી. મળતી માહિતી પ્રમાણે, ખરાબ હવામાનને કારણે ડાયવર્ટ થનાર ૧૧ વિમાનોમાંથી રક્ષામંત્રી રાજનાથ સિંહના વિમાનનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. નોંધનીય છે કે, રાજધાની દિલ્હીમાં શુક્રવારે સાંજે વાદળોના ગડગડાટ વચ્ચે વરસાદે દસ્તક આપી હતી. ગુરૂગ્રામ અને નોઈડાના અનેક વિસ્તારોમાં વરસાદે વાતાવરણ પહેલેથી જ ખુશનુમા બનાવી દીધું હતું. વરસાદને કારણે તાપમાનમાં પણ તીવ્ર ઘટાડો જોવા મળ્યો છે. દિલ્હીમાં છેલ્લા કેટલાક દિવસોમાં તાપમાન ૪૫-૪૬ ડિગ્રી સેલ્સિયસ પર પહોંચી ગયું છે.

# આસામ-અરુણાચલ વચ્ચેનો સીમા વિવાદ ઉકેલાઈ જશે : અમિત શાહ

ઈટાનગર, તા.૨૧

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ અરૂણાચલના પ્રવાસે છે. તેમણે શનિવારે કહ્યું કે અસમ-અરૂણાચલ પ્રદેશ આંતરરાજ્ય સરહદ વિવાદનો ઉકેલ આવતા વર્ષ સુધી આવી જવાની સંભાવના છે. પૂર્વોત્તરને ઉગ્રવાદ મુક્ત બનાવવાનો પ્રયાસ ચાલી રહ્યો છે. તેમણે દાવો કર્યો કે કેન્દ્રમાં નરેન્દ્ર મોદી સરકારના છેલ્લા આઠ વર્ષના કાર્યકાળ દરમિયાન ૯ હજાર આતંકવાદીઓએ આત્મસમર્પણ કર્યુ છે. અમિત શાહ અરૂણાચલ પ્રદેશમાં રામકૃષ્ણ મિશનના સ્વર્ણ જયંતિ સમારોહને સંબોધિત કરી રહ્યા હતા.

કેન્દ્રીય ગૃહમંત્રીએ કહ્યુ કે બોડોલેન્ડની સમસ્યાનું સમાધાન થઈ ગયુ છે. અરૂણાચલ પ્રદેશ અને અસમ વચ્ચે સરહદ વિવાદ ૬૦ ટકા મુદ્દાનો ઉકેલ આવી ગયો છે. કેન્દ્ર સરકાર આ ક્ષેત્રમાં શાંતિ અને વિકાસ માટે પ્રતિબદ્ધ છે. અરૂણાચલ અને અસમની સરકાર શાંતિપૂર્ણ રીતે આંતર રાજ્ય સરહદ વિવાદના સ્થાયી સમાધાન માટે કામ કરી રહી છે.

અરૂણાચલ પ્રદેશમાં રામકૃષ્ણ મિશનના સ્વર્ણ જયંતિ સમારોહમાં ગૃહમંત્રી શાહે કહ્યુ કે, ભારતમાં ગુરૂ દક્ષિણાની પરંપરા ખુબ જૂની છે અને કોઈપણ શિષ્યએ પોતાના ગુરૂને આટલી મોટી દક્ષિણા નહીં આપી હોય જે સ્વામી વિવેકાનંદે રામકૃષ્ણ મિશનની સ્થાપના કરી પરમહંસ રામકૃષ્ણને આપી છે.

# આઈપીએલની આગામી સિઝનમાં પણ રમીશ : ધોની

મુંબઈ,તા.૨૧

દિગ્ગજ વિકેટકિપર બેટ્સમેન મહેન્દ્રસિંહ ધોની આઈપીએલમાં ચેન્નઈ સુપર કિંગ્સની કેપ્ટનશિપ કરી રહ્યો છે. આઈપીએલ-૨૦૧૫માં સીએસકેના અંતિમ મુકાબલા દરમિયાન એવી ચર્ચા હતી કે ધોની સીએસકેની જર્સીમાં અંતિમ વખત મેદાનમાં ઉતરશે. જોકે ધોનીએ સ્પષ્ટ કર્યુ છે કે તે આગામી સિઝનમાં આઈપીએલમાં ચેન્નઈ સુપર કિંગ્સ તરફથી રમશે.

**બી. પટેલ & કંપની**

વ્યક્તિગત, HUF, ભાગીદારી પેઢી, Pvt. Ltd. Co. તથા Company એક્ટ હેઠળ નોંધાયેલ કંપનીના હિસાબો તૈયાર કરી Annual Return ફાઈલ કરવા સંપર્ક કરો.

**Mo. 9714939599**

**સાંજે ૭:૩૦ ની નવી શરૂ થતી બેચમાં જોડાઈ...**

કડકડાટ અંગ્રેજી બોલતાં શીખો.

**નાણાવટી**

The Leader Since 1996

ઘ-૨ સર્કલ નજીક, હેવમોર આઈસ્ક્રીમ પાછળ, સેક્ટર-૨

ઓફીસ સમય : સવારે ૮ થી ૧૨, સાંજે ૪ થી ૮

મો. ૯૬૨૪૦ ૧૦૫૫૫

ડેમો માટે અમારી YouTube Channel ની મુલાકાત લો

ketannanavatigandhinagar

**અટળક અભિનંદન**

પી.એચ.ડી. થયા



ડો. પાયલ કે. ત્રિવેદી

શૈક્ષણિક વિદ્યાભ્યાસમાં સદાય ઉચ્ચત્તર સ્થાન પ્રાપ્ત કરનાર ડો. પાયલ કિરણકુમાર ત્રિવેદીને અંગ્રેજી સાહિત્યમાં ગુજરાત યુનિવર્સિટી દ્વારા પી.એચ.ડી.ની ડીગ્રી એનાયત કરવામાં આવેલ છે. ગાઈડ શ્રી ડો. એ. કે. પટેલ, HOD, એસોસીએટ પ્રોફેસરના માર્ગદર્શન હેઠળ "From Experience to Expression : A Study of Trajectory of Holocaust Narratives in Selected Survivors' Memoirs", હોલોકોસ્ટ સાહિત્ય પર મહાનિબંધ રજૂ કરેલ છે. શૈક્ષણિક કારકિર્દીમાં છેલ્લા ૧૫ વર્ષથી ઉજ્જવળ યોગદાન કરનાર તેઓ હાલમાં એલ.ડી.આર.પી., એન્જિનીયરીંગ કોલેજ, કડી યુનિવર્સિટી, ગાંધીનગર ખાતે અંગ્રેજી વિષયમાં આસીસ્ટન્ટ પ્રોફેસર તરીકે ફરજ બજાવે છે. ગુજરાત યુનિવર્સિટીના ટોપર વિદ્યાર્થી તરીકે તેમણે M.A., B.Ed., M.Philની ડીગ્રી પ્રાપ્ત કરેલ છે.

પી.એચ.ડી.ની ડિગ્રી પ્રાપ્ત કરવા બદલ અમે ગૌરવ અનુભવીએ છીએ...
અને અટળક અભિનંદન પાઠવીએ છીએ...
ઉત્તરોત્તર પ્રગતિ માટે અટળક શુભેચ્છાઓ....

શુભેચ્છક

મનીષભાઈ જાની
રાજકુમાર પંચોલી
(ફૂડ ફોરેસ્ટ હોટેલ)

ઘનશ્યામભાઈ ત્રિવેદી
વિક્રમભાઈ ભરવાડ
(હેબતપુર)

રાજદિપસિંહ જાદવ
(પ્રેસિડેન્ટ લોન્જ)